

સેમિનારમાં ઉપસ્થિત પ્રતિનિધિઓ તસવીરમાં નજરે પડે છે. ઈન્સેટમાં મુખ્ય વક્તા શ્રી શાહને આવકારતા ફોકિયાના એમ.ડી. નિમિષ ફડકે નજરે પડે છે.

# ઉદ્યોગગૃહોને સલામતી વિભાગ દ્વારા નિયત કરાયેલા સુરક્ષાના સાધનો ઉપયોગમાં લેવા તાકીદ

ગાંધીધામ, તા. ૨૩ : ફેડરેશન કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન(ફોકિયા) અને ઔદ્યોગિક સલામતી વિભાગના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ગાંધીધામ ખાતે ઔદ્યોગિક અકસ્માતોમાં સુરક્ષા સંદર્ભે થયેલા સુધારાઓ બાબતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન ઈન્ડસ્ટ્રીયલ સેફટી વિભાગ દ્વારા વિવિધ સલામતીના સાધનો બાબતે ઉદ્યોગગૃહના પ્રતિનિધિઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉદ્યોગના નફા-નુકસાન કરતા માનવજીંદગી મહત્ત્વની છે. અને ફોકિયા કચ્છના ઉદ્યોગોમાં સલામતી સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા ઈકોસિસ્ટમની હિમાયત કરી રહ્યું છે. તેના સંદર્ભે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઔદ્યોગિક સલામતી કચેરીના ડાયરેક્ટર પી.એમ. શાહે અકસ્માત અને જાનહાની અટકાવવા કયા સુરક્ષાના સાધનો વાપરવા અને સરકારે શું શું નીતિ બનાવી છે તેના વિશે વિસ્તૃતમાં

## ફોકિયા દ્વારા આયોજિત સેમિનારને સંબોધતા ઈન્ડસ્ટ્રીયલ હેલ્થના ડાયરેક્ટર

માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ઈન્ડસ્ટ્રીયલ સેફટી વિભાગ દ્વારા ૨૫ જેટલા સેફટીના સાધનોને સ્ટાન્ડરાઈઝ કરવામાં આવ્યા છે. તેમણે ઔદ્યોગિક અકસ્માતોમાં માનવજીંદગી બચાવી શકાય તે માટે આ સ્ટાન્ડરાઈઝ સુરક્ષાના સાધનો ખરીદવા અનુરોધ કર્યો હતો તેમજ સુરક્ષાના સાધનો બાબતે ભવિષ્યમાં આવનારા સુધારાઓ અંગે પણ ચર્ચા વિચારણા કરાઈ હતી.

આરંભમાં ફોકિયાના એમ.ડી નિમિષ ફડકેએ મુખ્ય વક્તાનું સ્મૃતિચિહ્ન આપી સ્વાગત કર્યું હતું. આ વેળાએ ફોકિયાના ડિરેક્ટર તલકશી નંદુ, શરદ ભાટિયા, ઈન્ડસ્ટ્રીયલ સેફટી કચ્છના ડેપ્યૂટી ડાયરેક્ટર બી.વી.ભારથી હાજર રહ્યા હતા. સેમિનારમાં વેલસ્પન, અદાની વીલ્માર, આશાપુરા, ઓપીજીએસ પાવર, એગ્રોસેલ, ગેલેન્ટ સ્ટીલ, બંગે, ઈલેક્ટ્રોથર્મ, પારલે, સુમીટીમો, એન્કર હેલ્થ એન્ડ બ્યૂટી, ફિલિપ્સ કાર્બન હિન્દુસ્તાન, યુનિલીવર,ઈફકો, આઈઓસી, જિંદાલ સો, સાંઘી સિમેન્ટ, બ્રિટાનિયા, શ્રીયામ પાવર, ગોકુલ એગ્રો, પેનેસોનિક લાઈફ સોલ્યુશન, સુમિલોન, એશિયન બોક્ષ, રુદ્રાક્ષ, સત્યેશ બ્રાઈન કેમ, એવરેસ્ટ કાંટોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સંચાલન કુંજન જોશીએ કર્યું હતું. રાધિકા ઠક્કર, કમલેશ દેવરિયા, જિગર મકવાણા, મનીષ લોચા, ભરત બારોટ આયોજનમાં સહયોગી બન્યા હતા.

Scanned by CamScanner